### કોરોના કાળમાં બનાસકાંઠાના ડીસા, લાખણી પંથકમાં સસ્તા અનાજનો જથ્થો કાળાબજારમાં જતા સીએમને ફરીયાદથી ચકચાર

# કાળા બજારીયાઓને લોકડાઉનનો સમયગાળો લોટરી સમાન પુરવાર

પાલનપુર

કોરોના મહામારીમાં લોકડાઉન દરમ્યાન કેન્દ્ર અને રાજય સરકારોએ પ્રજાને રાશનનો જથ્થો વિના મુલ્યે યોજનામાં પુરો પાડવાનું જાહેર કર્યું હતું. ત્યારે સરહદી બનાસકાંઠા જીલ્લાના ડીસા અને લાખણી પંથકની મોટાભાગની સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોએ ગોડાઉન મેનેજરો, પુરવઠા અધિકારીઓ, કારકુનો સાથે સાંઠગાંઠ રચીને મોટાભાગનો જથ્થો કાળાબજારમાં સપ્લાય કરી દેતાં પંથકની જનતામાં ભારે આક્રોશ સાથે ખળભળાટ મચી ગયો છે.



આ સમગ્ર કૌભાંડ સંદર્ભે બનાસકાંઠા જીલ્લાના ડીસાના અગ્રણી દ્વારા સીધાજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને લેખિત ફરીયાદ કરતાં કાળા બજારીઓના સુપર બખીયાઓમાં ભારે ખળભળાટ સાથે ભુગર્ભમાં સંતાઈ ગયા છે.

આ સમગ્ર કૌભાંડ અંગે થયેલ ફરીયાદની વિગતો અનુસાર ગત તા. ૦૧-૦૫-૨૦૨૦ થી તા.૩૧-૦૫-૨૦૨૦ સુધી ડીસા અને લાખણી તાલુકાઓના સસ્તા અનાજની દુકાનોવાળાઓએ મોટાભાગનો જથ્થો બારોબાર વેચાણ કરી ભ્રષ્ટાચાર આદરેલ છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કોરોના મહામારીમાં લોકડાઉન દરમ્યાન ડીસાના શહેરી અને ગ્રામ્ય તથા લાખણી પંથકના અનેક દુકાનદારોએ બંને પ્રકારના રાશનનો જથ્થો આમ પ્રજાને એક સાથે આપવાનો હતો. તેના બદલે અલગ અલગ દિવસો કરી મોટાભાગનો જથ્થો બારોબાર વેચાણ કરાયો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવવા પામી છે. અને જે તે રાશનકાર્ડ ધારકોના પુરે પુરા જથ્થાની એન્ટ્રી કરી છે. જ્યારે એપીએલ.૧ રેશનકાર્ડ ધારકોને નામ પુરતું રાશનના જથ્થાનું વિતરણ કરાયું છે. ત્યારે મોટાભાગનો જથ્થો બારોબાર કાળાબજારમાં ધકેલાયો છે.

વધુમાં ચોંકાવનારી વિગતો જોઈએ તો ડીસા તાલુકાના સોતમલાની દુકાન વિરમજી બારોટના નામે ચાલે છે બાજુમાં લોરવાડાના દુકાન પણ અન્યના નામે ચાલે છે તેનો અભ્યાસ સામાન્ય છે જ્યારથી દુકાન મંજુર થયેલ ત્યારથી સોતમલાની દુકાન બારોટ જ ચલાવે છે. જેના લાયસન્સ ઉપર અધિકાર અને અન્યને ગિરવે આપેલ છે. આ તો માત્ર એક ઉદાહરણ છે. આવી તો ચાલીસ ટકાથી વધુ દુકાનો ગીરવે લેવા પાસે કબજો છે અને તેજ લોકો સંચાલન કરે છે. એ પ્રમાણે લાખણી તાલુકાની અનેક દુકાનોમાં પણ ગીરવે જ ચલાવાય છે. નાંદલા ગામની દુકાન વર્ષોથી કમોડીના દુકાનદાર ચલાવે છે. તેમાંનો મોટા ભાગનો જથ્થો પણ બારોબાર કટીંગ કરાવાય છે. આ તમામ બાબતો પુરવઠા મામલતદાર અને નાયબ મામલતદાર સારી રીતે જાણે છે જો તમામ રેશનકાર્ડ ધારકોના ઘરે ઘરે જઈને સંનિષ્ઠ અધિકારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તો અનેક ચોંકાવનારી વિગતો સામે આવે તેમ છે. તેમજ સીએમને કરાયેલી આ ફરીયાદમાં જણાવાયું છે. આ લોક ડાઉન દરમ્યાન ડીસા શહેરના નામ પુરતા ફક્ત પાંચ દુકાનદારોએ જ માનવતા દાખવીને ૧૦૦ ટકા જથ્થાને પ્રજાજનોને વિતરણ કરેલ હોવાનું આ ફરીયાદમાં જણાવાયું છે. જેમાં વાડીરોડ અશોક જશુભાઈ, રામુભાઈ ખત્રી, લાલચાર્લી જયંતીભાઈ સદાભાઈ રેજીમેન્ટ, વાલ્મીકી મંડળી, કચ્છી કોલોની આર.પી. મકવાણાએ કોરોના કાળમાં સરકારશ્રીએ આપેલ જથ્થો પુરે પુરો પ્રજાજનો સુધી પહોંચાડ્યો છે. જે અભિનંદનને પાત્ર છે જ્યારે



આગળ જણાવાયું તેમ તમામ હકીકતો ડીસાના પુરવઠા નાયબ મામલતદારને લોરવાડાના ગ્રામજનોએ લેખિત ફરીયાદ કરવા છતાં કાળાબજારીયાઓ સામે આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને ભ્રષ્ટ્રાચારની પરંપરા જાળવી રાખી છે. આ સમગ્ર કોરોના કાળમાં સરકાર દ્વારા અપાતું રાશન પ્રતિ માસ નિયમિત રીતે મોટાભાગના જથ્થાનું કટીંગ કરનારા કાળા બજારીયાના સુપર બખીયાઓને આ લોકડાઉન લોટરી પુરવાર થઈ છે. વળી આ તત્વ જાહેરમાં સેખી મારીને કહે છે. અમો દર મહીને સ્થાનિક પુરવઠા કચેરી અને જીલ્લા કચેરીને નિયમિત વ્યવહાર કરીએ છીએ. તેવો રૂઆબ રાખીને ખુલ્લેઆમ ફરી રહ્યા છે. આ સમગ્ર ગંભીર બાબતે સરકારશ્રીએ તટસ્થ અધિકારીની ટીમ બનાવી સમગ્ર જીલ્લામાં ડોર ટુ ડોર સર્વે હાથ ધરીને ગરીબોનો કોળીયો હજમ કરી જનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેમ પ્રજાજનો અપેક્ષા રાખી રહ્યા છે.

## ભિલોડાના મોહનપુર-ખુમાપુર ગામને જોડતો માર્ગ બિસ્માર હાલતમાં

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોહનપુર-ખુમાપુર ગામને જોડતો માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં હોઈ મસમોટા ઠેર-ઠેર ખાડાઓના લીધે વાહન ચાલકો, પ્રજાજનો વર્ષોથી ત્રાહિમામ છે. નવિન ધોરીમાર્ગ બનાવવાની વર્ષો



જુની માંગણી ન સંતોષતા વહીવટી તંત્રના અધિકારીઓ પર પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખુમાપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ, નિકીતાબેન ધાર્મિકભાઈ ચૌધરી, જાગૃત ગ્રામજનો, વાહન ચાલકોએ ઉચ્ચ કક્ષાએ વારંવાર લેખિત, મૌખિક અરજીઓ અને ધારદાર રજુઆત કરી હોવા છતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. ખુમાપુર, શંકરપુરા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ દરમ્યાન માર્ગની હાલત અત્યંત બિસ્માર જોવા મળે છે. મોહનપુરથી ખુમાપુર ગામને જોડતો માર્ગ સત્વરે નવિન બનાવવામાં આવે અને પહોળો કરવામાં આવે તેવી વાહન ચાલકો અને પ્રજાજનોની પ્રબળ લોક માંગણી છે.

ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રીક મેઘ મહેરના કારણે મેઘરાજાએ વહીવટી તંત્રના અધિકારીઓ અને બે નંબરીયા કોન્ટ્રાક્ટરોની પોલ ખુલ્લી કરી દીધી છે. મુખ્ય ધોરીમાર્ગો પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. વાહન ચાલકોની કમરતોડ ધોરીમાર્ગો પુરવાર થઈ રહ્યા છે. અનરાધાર ભ્રષ્ટાચારના કારણે ધોરીમાર્ગોની દયનીય હાલત જોવા મળી રહી છે. રાજ્ય સરકાર ધ્વારા ધોરીમાર્ગો પાછળ લાખો કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે પરંતુ ચોમાસા દરમ્યાન માર્ગોનું ધોવાણ અને ખાડાઓનું સામ્રાજ્ય અવિરતપણે જળવાઈ રહેતા વાહન ચાલકો તોબાતોબા પોકારી ઉઠ્યા છે.

## પ્રાંતિજ પોલીસ દ્વારા બજારમાં દબાણ ઝૂંબેશ

### દુકાન આગળ વધારાનો નળતરરૂપ સામાન દુર કરાયો : બજારમાં નળતરરૂપ લારીઓ પણ દુર કરી

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ દ્વારા બજાર માં દબાણ ડ્રાઈ





હાથ ધરાઈ હતી જેમાં બજારમાં નળતર રૂપ દબાણો દુર કર્યા હતાં.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પીઆઈ પી એલ વાઘેલા દ્વારા આજે પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ થી બજાર ચોક નાનીભાગોળ સહિત ના વિસ્તારોમાં દબાણ ડ્રાઈ હાથ ધરી હતી જેમાં પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ બજાર ચોક વિસ્તારોમાં આવેલ દુકાનો આગળ ખડકાઈ દેવા મા આવેલ માલ સામાન તથા બોકરા પાટલી સહિત નો સામાન તથા બજારોમાં નળતર રૂપ લારીઓ પણ દુર કરી હતી અને ફરી વાર અહીં ઉભી ના રાખવા લારીઓ વાળાઓએ જણાવ્યુ હતું તો બજાર ના વેપારીઓ ને પણ દુકાનો બહાર નળતર રૂપ માલ સામાન ના મુકવા સુચના આપવામાં આવી હતી તો પ્રાંતિજ મહિલા પીએસઆઈ એ. બી. મિસ્ત્રી, પ્રાંતિજ પીએસઆઇ એ. જે. ચાવડા, પોલીસ ટાઉન જવાબદાર ઈશ્વરભાઈ, પોલીસ કોન્સ્ટેબલ દિપસિંહ, મોનસિહ, વસંત સહિત પોલીસ ટીમી બજારમાં રહેલ ખુલ્લા દબાણો દુર કર્યા હતાં અને ફરીવાર દબાણ ના કરવા સુચનાઓ પણ આપવામાં આવી હતી તો પ્રાંતિજ પીઆઈ પી એલ વાઘેલાની આ કામગીરીને લઈને હાલતો પ્રાંતિજ નગરજનોમાં પણ ખુશી જોવા મળી હતી.

## હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજમાં કોરોનાના છ કેસ નોંધાયા

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના નવા છ કેસ નોંધાયા છે. તે સાથે કોરોના પોઝીટીવનો કુલ કેસનો આંકડો ૬૩૮ પર પહોંચ્યો છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા છ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના મારૂતિનગરમાં રહેતા ૩૯ વર્ષિય પુરૂષ અને શ્રીનગર સોસાયટીમાં રહેતા ૭૬ વર્ષિય પુરૂષના ટેસ્ટ કરાવાતા આ બંને જણાના કોરોના પોઝીટીવના લક્ષણો જણાયા છે.

તેજ પ્રમાણે ઈડર શહેરમાં રહેતા ૩૪ વર્ષિય મહિલા અને સુરપુર ગામમાં ૩૩ વર્ષિય પુરૂષ તથા ખેડબ્રહ્મા શહેરના ૭૨ વર્ષિય પુરૂષ સહિત પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામમાં રહેતા ૪૭ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંક ૬૩૮ પર પહોંચ્યો છે. જોકે તે પૈકી ૫૭૭ જણાને ડીસ્ચાર્જ અપાયા છે અને હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૫૪ થવા જાય છે.

## અહો આશ્ચર્યમ્ : આઝાદી પછી પાકો રસ્તો જ બનાવવામાં આવ્યો નથી

### ગ્રામજનોએ વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં : ક્વોરી ઉદ્યોગના કારણે રસ્તો બિસ્માર હાલતમાં થઈ જાય છે : ગ્રામજનો

બાયડ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સાઠંબા નજીક આવેલા પગીયાના મુવાડા ગામના પેટાપરા માં થઈ પરમેશ્વર કોરી અને પદ્માવતી





કોરી થી પસાર થઈ આ રસ્તો અરવલ્લી જિલ્લાની અને મહીસાગર જિલ્લાની સરહદે આવેલ વક્તાપુર અને ખડક જેવા ગામોને જોડે છે.

ગ્રામજનો દ્વારા જણાવવામાં આવી કે આ રસ્તો આઝાદીના સમયથી આજદિન સુધી પાકો રસ્તો બનાવવામાં આવ્યો નથી ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો છતાં તંત્ર ને જાણે પડી ગયું હોય તેમ રીતસર દેખાઈ આવે છે આ રસ્તો બે જિલ્લાઓ ને જોડતો રસ્તો છે જે પગીયાના મુવાડાના પેટાપરા સાથે સાથે મહિસાગર જિલ્લાના છેવાડાના બે ગામો જે સંપૂર્ણ રીતે સાઠંબા ઉપર નિર્ભર છે.

આ રસ્તાને સાઠંબા ની બાજુમાં આવેલ કોરી ઉદ્યોગ દ્વારા ઓવરલોડ વાહનો ફરતા હોવાના કારણે રસ્તા ઉપર મસમોટા ખાડા પડી જાય છે દર વર્ષે ગામલોકો સ્વખર્ચે રસ્તાનું રીપેરીંગ કામ જેવું કે (ડસ્ટ અને કાંકરો) મટીરીયલ નાખીને રસ્તો આવા જવા લાયક બનાવે છે પરંતુ (૧) પરમેશ્વર કોરી અને (૨)પદ્માવતી કોરી આ બે કોરીઉદ્યોગો દ્વારા ઓવર લોડિંગ ગાડીઓ ના કારણે રસ્તાની બિસ્માર હાલત થતી હોય છે તેવું ગામ લોકોનું કહેવું છે. તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં નહીં આવે તો ગામ દ્વારા આંદોલન કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

## પ્રાંતિજ ખાતે કોવિડ-૧૯ મહામારીને પગલે તાજીયા જુલુસ નહી નિકળે

### કોરોનાનું ગ્રહણ તાજીયાના જુલુસ ઉપર જોવા મલ્યુ : દર વર્ષે નિકળતું તાજીયા જુલુસ આ વર્ષે કોરોનાને લઈને મોકુફ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોવિડ-૧૯ મહામારી ને લઈને તાજીયા જુલુસ નહી નિકળે કોરોનાનું ગ્રહણ તાજીયા જુલુસ ઉપર પણ જોવા મલ્યુ દર



વર્ષે નિકળતું તાજીયા જુલુસ આ વર્ષે કોરોનાને લઈને મોકુફ.

હાલ દેશ સહિત વિદેશોમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે સરકાર દ્વારા કોરોનાના કહેરને ડામવા માટે હાલ વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને કોરોના કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીથી બચાવવા લોંકોને સોશિયલ ડિસ્ટન્સ એનો એક માત્ર હાલ ઉપાય છે ત્યારે સરકાર દ્વારા લોકોને પાલન કરવા જણાવવામાં આવ્યું છે તો અગાઉ પણ કોરોનાને લઈને મુસ્લિમ બિરાદરો દ્વારા સરકારની સુચના અને માર્ગદર્શન મુજબ રમજાન માસમાં તમામ કાર્યક્રમો મોકુફ રાખવામા આવ્યા હતાં ત્યારે તા. ૨૯ તથા ૩૦ ઓગસ્ટના રોજ તાજીયા જુલુસ તથા સદભાવના મિલન કાર્યક્રમને પણ પ્રાંતિજ તાજીયા કમીટીએ સરકારના નિર્ણયનું સ્વાગત કરી સર્વ સંમતીથી મોકુફ રાખેલ છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ શાંતિ દૂત એવોર્ડ વિજેતા રઈશભાઈ કસ્બાતી દ્વારા સમાજના લોકોને સરકારના નિર્ણયનું સ્વાગત કરી સર્વ સંમતીથી મોકુફ રાખેલ છે અને આ મહામારીમાં આપણે સો ધર્મ, જ્ઞાતિ, જાતિ, પ્રદેશ તથા અન્ય તમામ ભેદભાવ ભૂલી ખભેખભા મિલાવી આપણી નૈતિક જવાબદારી નિભાવી રહ્યા છીએ એ જ આપણું સૌથી મોટુ સદભાવના મિલન છે તેવુ પત્રિકા દ્વારા સમાજના લોકોનું પણ જાણ કરી હતી.

## બાયડ તાલુકાના ધારેશ્વર મંદિર ખાતે શિક્ષિત યુવા બેરોજગાર સમિતિની મીટીંગ યોજાઈ

### મિટિંગમાં દિનેશ બામણીયા સહિત અનેક યુવા વિદ્યાર્થીઓ હાજર રહ્યા

બાયડ બાયડ તાલુકાના વાત્રક નજીક આવેલ ધારેશ્વર મંદિર ખાતે યુવા બેરોજગાર સમિતિની બેઠક યોજવામાં



આવી હતી બેઠકમાં દિનેશ બામણીયા સહિત અને બેરોજગાર યુવા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા આ બેઠકમાં ૭૪ જેટલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી જેમાં બેઠકમાં દિનેશ બામણીયા જણાવ્યું કે ૧તારીખ પછી ગાંધીનગર રજૂઆત કરવા માટે જવાનું હોય ત્યારે પરિવાર સાથે લોકો હાજર તેવું જણાવવામાં આવ્યું હતું. ભરતીમાં છ્ ની ભરતી ઝડપ થી થાય અને્ છ્ ગ્રાન્ટેડ ના ફોર્મ ઝડપ થી ભરાય, ન્ઇઠ્ઠ ભરતી ના પ્રશ્નો, જીઈ ભરતીના પ્રશ્નો, બિનસચિવાલય ક્લાર્ક ની પરીક્ષા ની તારીખ જાહેર કરવામાં આવે તેવી વિદ્યાર્થી ઓ દ્વારા માંગણી કરવામાં આવી હતી.

## પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ અરવલ્લી દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સ્વાગત કરાયું

મોડાસા, તા. ૨૮

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, અરવલ્લીની ટીમ દ્વારા જિલ્લાના નવિન ચાર્જે સંભાળતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સ્મિતાબેન પટેલ ની શુભેચ્છા મુલાકાત લ?ઈ બેનનુ શાલ ઓઢાડી અને બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા ભારતમાતાની છબી ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની ગતિવિધિની પણ બેનશ્રી સાથે ચર્ચા કરી હતી. ગત નવેમ્બર માસમાં ગણપત યુનિવર્સિટી, ખેરવા મહેસાણા ખાતે યોજાયેલા



અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના રાષ્ટ્રીય અધિવેશનમાં બેનશ્રી ઉપસ્થિત રહ્યા હતા એ વાતને યાદ કરી ખૂબ જ ભવ્ય અને યાદગાર અધિવેશન હતું એમ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સ્મિતાબેન પટેલ એ જણાવ્યું હતું.

## ખેડૂતોના ઉત્થાન માટે સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના આશીર્વાદરૂપ બનશે

હિંમતનગર, તા. ૨૮

ગુજરાતમાં શુક્રવારથી ત્રણ દિવસ માટે સરકાર દ્વારા સાત પગલા ખેડૂત કલ્યાણના કાર્યક્રમનો પ્રારંભ કરાયો છે. ત્યારે મુખ્યમંત્રી કિશાન સહાય યોજના અને આત્મનિર્ભર ભારત અંતર્ગત હિંમતનગરના સહકારી જીન ખાતે ખેતીવાડી અને આત્મા પ્રોજેક્ટના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમમાં છ તાલુકાના ખેડૂતોને સહાયના ચેકનું ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહકની ઉપસ્થિતિમાં અર્પણ કરાયા હતા. જે પ્રસંગે તેમણે સરકારની આ યોજના ખેડૂતોના ઉત્થાન માટે ખુબજ અસરકારક સાબિત થવાનો દાવો કર્યો છે.

સહકારી જીન ખાતે યોજાયેલ સાત પગલા ખેડૂત કલ્યાણ યોજનાના કાર્યક્રમમાં ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક આઈ.કે. જાડેજાએ એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો કે કૃષિ અને ખેડૂત સમૃદ્ધ હશે તો દેશનું અર્થતંત્ર મજબુત બનશે જેના લીધે વડાપ્રધાને ખેડૂતોની આવક બમણી કરવા માટે શરૂ કરેલી યોજનાઓને લીધે આજે ગુજરાતના તમામ ખેડૂતોને ફાયદો થઈ રહ્યો છે અને કૃષિલક્ષી યોજનાઓને લીધે સાબરકાંઠા સહિય રાજ્યમાં ટપક સિંચાઈ પદ્ધતિ ખેડૂતો પણ પ્રમાણમાં અપનાવી રહ્યા છે. આજે જ્યારે ખેડૂતના ઉત્થાન માટે સાત પગલા ખેડૂત કલ્યાણ યોજનાનો પ્રારંભ કરાયો છે ત્યારે તેના લીધે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, વડાલી અને ઈડર તાલુકાના ખેડૂતોને મહાનુભાવોના હસ્તે ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સાબરકાંઠાના અંદાજે ૨.૩૫ લાખ ખેડૂતોના ખાતામાં અંદાજે રૂ. ૩૦૦ કરોડ સીધા જમા થશે.